ડેનિમ ઓન ડેનિમ ટ્રેન્ડ

ડેનિમ ટ્રેન્ડ એવરગ્રીન ટ્રેન્ડ છે. આજકાલ ડેનિમ ઓન ડેનિમ લુક પણ ઘણો ચલણમાં છે. ઘણા સેલિબ્રિટીઝ આ લુકસને ઘણી સારી રીતે સ્ટાઈલ કરતા નજરે પડે છે. તમે ગરમીની આ મોસમમાં ડેનિમ સાથે એકસપરિમેન્ટ કરવા અને યુનિક દેખાવા ઇચ્છતાં હો તો ડેનિમ ઓન ડેનિમ લુક અપનાવો. ડેનિમ ઓન ડેનિમ હવે માત્ર કેઝ્યુઅલ નહીં પરંતુ બહુ વર્સેટાઈલ બની ચૂક્યા છે.

શોર્ટસ

ગરમીમાં શોર્ટસ પહેરવાનું આપણે પસંદ કરીએ છીએ. તમે સિમ્પલ વ્હાઈટ શર્ટ સાથે ડેનિમ શોર્ટસ પહેરી શકો. સાથે જ લુકને કમ્પલિટ કરવા એની સાથે ડેનિમ જેકેટ સ્ટાઈલ કરો. લુકને આકર્ષક બનાવવા સાથે સ્નીકર શૂઝ પહેરી શકાય. સાથે સ્લિંગ બેગ કેરી કરો.

બેગી જીન્સ

આજકાલ બેગી જીન્સ ટ્રેન્ડમાં છે. બેગી જીન્સ સાથે ક્રોપ સ્ટાઈલ ડેનિમ ટોપ સ્ટાઈલ કરી શકો. એની સાથે મેસી પોનીટેલ હેરસ્ટાઈલ કરી શકાય. તમે ઇચ્છો તો ઓવરસાઈઝડ વ્હાઈટ શર્ટ ડેનિમ ક્રોપ ટોપ ઉપર પહેરી શકો. લુકને આકર્ષક બનાવવા મલ્ટી લેયર ચેન સ્ટાઈલ કરો. હેરસ્ટાઈલમાં મલ્ટી લેયર ફંટ બ્રેડ કરી શકાય.

સ્કર્ટ

ગરમીમાં મોટા ભાગે શોર્ટ અને લોંગ સ્કર્ટ પહેરાય છે. આ પ્રકારના સ્કર્ટ સાથે ડેનિમ ટોપ સ્ટાઈલ કરી શકાય.

આ પ્રકારના લુકને આકર્ષક બનાવવા હાઈ હીલ્સ પહેરી શકાય. વાળ માટે ઓપન વેવી કર્લ્સ હેરસ્ટાઈલ પસંદ કરી શકાય. એને બેલ્ટ કે હેવી એકસેસરીઝ સાથે કમ્પલીટ કરો. ગરમીમાં અને કેઝ્યુઅલ આઉટિંગ માટે આ લુક પર્ફેકટ છે.

પેન્સિલ સ્કર્ટ

આ લુક જોવામાં બહુ પાવરફુલ લાગે છે. ક્રોપ સ્ટાઈલ ડેનિમ જેકેટ સાથે લુક કમ્પલિટ કરો. તમે આ લુક સાથે સિમ્પલ પોનીટેલ હેરસ્ટાઈલ કરી શકો. આગળ ફિલકસ રાખી શકાય.

મોનોક્રોમ લુક

આજકાલ મોનોક્રોમ લુક ઘણો ટ્રેન્ડમાં છે. મોનોક્રોમેટિક ડેનિમ લુક એક સહેલી રીત છે જેમાં તમે લાઈટ અને ડાર્ક બ્લૂ શેડનું કોમ્બિનેશન કરી શકો. લાઈટ ડેનિમ શર્ટ ડાર્ક બ્લૂ જીન્સ સાથે પેર કરી શકાય. એનાથી લુક બેલેન્સ અને સ્ટાઈલિશ લાગશે.

નોટ સ્ટાઈલ

જો તમે ઈઝી-બ્રીઝી કુલ લુક મેળવવા ઈચ્છતાં હો તો પ્લેન ટી શર્ટ સાથે જેકેટ પહેરી શકાય. જેકેટને કુલ લુક આપવા નોટ બનાવી શકાય. આ લુક સાથે સ્નીકર શૂઝ સ્ટાઈલ કરો. ઓપન વેવી કર્લ્સ હેરસ્ટાઈલ પસંદ કરી શકાય.

ડેનિમ જેકેટ

જીન્સ અને ડેનિમ જેકેટનું કોમ્બિનેશન કલાસિક છે. એ પહેરી તમે કેઝ્યુઅલ અને સ્માર્ટ દેખાઈ શકો છો. કેઝ્યુઅલ લંચ આઉટિંગ હોય કે વિકએન્ડ ટ્રિપ, આ લુકને સ્નીકર્સ કે બૂટ સાથે પૂરો કરી શકાય છે.

એકસેસરીઝ

ઓલ ઓવર ડેનિમ ન્યૂટ્રલ હોવાની જરૂર નથી. ઓવરસાઈઝ્ડ લેયર્સ, જેકેટ અને સફેદ ટી શર્ટ કલાસિક છે પરંતુ લેપર્ડ પ્રિન્ટ બેલે ફ્લેટ્સ અને સ્ટ્રકચર્ડ ડેનિમ ટોટેથી થોડી વાઈલ્ડનેસ આવે છે. એનિમલ પ્રિન્ટ સાધારણ ડેનિમમાં કિવર્ડી એજ જોડે છે.

ડેનિમ વિથ રેડ

ડેનિમ મેકસી સ્કર્ટ અને જીપ અપ જેકેટ રેડ બેગ સાથે મેચ કરો. વ્હાઈટ સ્નીકર્સ એને ફ્રેશ અને કેઝ્યુઅલ બનાવે છે. આ લુક સોફિસ્ટિકેટેડ અને કમ્ફર્ટેબલ લાગે છે. રેડ, મસ્ટર્ડ, ફુશિયા પિન્ક કે ગ્રીન જેવા બોલ્ડ કલર્સની એકસેસરીઝથી ડેનિમમાં કોન્ટ્રાસ્ટ ઊભો કરો. એ બેઝિક બ્લૂ ડેનિમને સ્ટાઈલિશ અને અલગ બનાવે છે.

બેબી પિન્ક કલચ અને કિટન હીલ્સથી ડેનિમ લુકને ફેમિનિન ટચ આપી શકાય છે. ગોલ્ડ એકસેસરીઝ, ચંકી નેકલેસ, સ્ટેટમેન્ટ ઈયરિંગ્સથી પોલિશ લુક ક્રિએટ કરી શકાય.